**ફરૂં છું એ જ કારણસર લઈ સાથે જ ઘરવખરી, કશું બીજું નથી છે આંખમાંનો ભેજ ઘરવખરી**

# ડો. અશોક ચાવડા 'બેદિલ' રાષ્ટ્રપતિ ભવનના અતિથિ

જામનગર તા. ૨૮: જામનગરની ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના આસીસ્ટન્ટ રજિસ્ટ્રાર અને પ્રસિદ્ધ યુવા કવિ ડો. અશોક ચાવડા 'બેદિલ' રાષ્ટ્રપતિ ભવન દિલ્હીના અતિથિ થવા જઈ રહ્યા છે. પ્રતિવર્ષ વિજ્ઞાન, કલા અને સાહિત્ય ક્ષેત્રના અગ્રણી લોકોને રાષ્ટ્રપતિ ભવનમાં અતિથિ તરીકે નિમંત્રિત કરવામાં આવે છે. બે સપ્તાહના 'રાઈટર્સ ઈન રેસિડેન્સ' નામના આ આયોજનમાં સાહિત્ય-કલા અને સંશોધન ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર પ્રદાન કરનાર સંશોધકો, કલાકારો અને સાહિત્યકારોને રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી તેમજ અન્ય વિવિધ ક્ષેત્રના વિદ્વાનો સાથે સંગોષ્ઠી કરવાની તક પ્રાપ્ત થશે. આ કાર્યક્રમ અંતર્ગત ડો. અશોક ચાવડા 'બેદિલ' તા. ૪.૩.૨૦૧૭ થી ૧૮.૩.૨૦૧૭ દરમિયાન રાષ્ટ્રપતિ ભવનના અતિથિ બનશે.

ડો. અશોક ચાવડા 'બેદિલ' મૂળ અમદાવાદના છે અને છેલ્લા ૭ વર્ષથી જામનગરમાં સ્થાયી થયા છે. 'પગલાં તળાવમાં' અને 'પગરવ તળાવમાં' તેમના બે ગઝલ સંગ્રહ છે. જેને ભાવકોનો ભરપૂર પ્રેમ અને વિવેચકોનો આદર બન્ને પ્રાપ્ત થયા છે. ઉપરાંત 'ડાળખીથી સાવ છૂટા' તેમનો પ્રતિબદ્ધ કાવ્યસંગ્રહ છે જેને તેમનો ગુજરાત સરકારનો વર્ષ ૨૦૧૪ નો 'દાસી જીવણ એવોર્ડ' તેમજ દિલ્હી સાહિત્ય અકાદમીનો વર્ષ ૨૦૧૩ માટેનો 'સાહિત્ય અકાદમી યુવા પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો છે તેમજ તેમની સર્જન યાત્રાને બિરદાવવા ગુજરાત સાહિત્ય અકાદમીનો વર્ષ ૨૦૧૨ નો 'યુવા ગૌરવ પુરસ્કાર' પણ એનાયત કરવામાં આવ્યો છે. તેમના ગઝલસંગ્રહના 'પગરવ તળાવમાં' તેમજ હાસ્ય કવિતા સંગ્રહ 'પીટ્યો અશ્કો'ને ગુજરાત સાહિત્ય અકાદમીના વર્ષ ૨૦૧૨ ના શ્રેષ્ઠ પુસ્તકના પારિતોષિક પ્રાપ્ત થયા છે. તેમના પ્રસિદ્ધ ઉર્દૂ શાયરોની ગઝલોના ગુજરાતી અનુવાદ 'ગઝલિસ્તાન'ને ઉર્દૂ સાહિત્ય જગત અને ગુજરાતી સાહિત્ય જગત બન્નેમાં આદર પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત 'મહાન ધારાશાસ્ત્રી ડો. આંબેડકર' અને 'સરળ આયુર્વેદિક ઉપચાર' વગેરે અનુવાદીત પુસ્તકો સારો આવકાર પામ્યા છે.



સાહિત્ય સર્જન સાથે ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ધરાવનાર ડો. અશોક ચાવડા 'બેદિલ' એ દલિત કવિતાનો ઉદ્ભવ, દલિત સામયિક પત્રકારત્વ, ગાંધીજીના ધાર્મિક વિચારો જેવા વિષયો પર ગહન અને સચોટ સંશોધન કર્યું છે.

સાહિત્ય, સંશોધન, વિવેચન, અનુવાદ એમ વિવિધ ક્ષેત્રે સતત પ્રવૃત્ત ડો. અશોક ચાવડા કવિલોક, કુમાર, ઉદ્દેશ જેવા સામયિકોના સહસંપાદક રહી ચૂક્યા છે. મુદ્રિત અને વિજાણ માધ્યમો માટેના પ્રસંગોપાત્ત લેખન સાથે તેમણે અનેક દસ્તાવેજી ફિલ્મોનું પણ લેખનકાર્ય કર્યું છે. ગુજરાતી સાહિત્યમાં બે ગઝલ સંગ્રહ, એક પ્રતિબદ્ધ કવિતા સંગ્રહ, એક ગીત સંગ્રહ, એક હાસ્ય કવિતા સંગ્રહ, એક વિવેચન સંગ્રહ, એક શબ્દકોશ, ચાર અનુવાદ સંગ્રહ દ્વારા તેમણે યુવા વયે વિશિષ્ટ મૂકામો સિદ્ધ કર્યા છે.

ઉલ્લેખનિય છે કે તેમની 'દીકરી' નામની કૃતિ ધો. ૧૦ ના ગુજરાતીના નવા અભ્યાસક્રમ માટે ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા પસંદગી પામી છે એટલે કે જૂન ૨૦૧૭ થી ધો. ૧૦ ના ગુજરાતી વિષયમાં તેમની 'દીકરી' ગઝલ ભણાવવામાં આવશે. ત્યારે રાષ્ટ્રપતિ ભવનના અતિથિ બનવાના પ્રસંગે તેમની સિદ્ધિને ઉજવણીનો સર્વોચ્ચ અવસર કુદરતી રીતે પ્રાપ્ત થયો છે. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી તથા સમગ્ર સાહિત્ય જગત તેમના પર અભિનંદન વર્ષા કરી રહ્યું છે. આ અંગે ડો. અશોક ચાવડા 'બેદિલ'એ 'નોબત' સાથેની ગોષ્ઠીમાં કવિતાને જ જીવનની શ્રેષ્ઠ અનેસાચી મૂડી ગણાવી હતી ત્યારે શિર્ષકમાં અંકિત તેમનો શેર તેમના સર્જન અને જીવનને સંયુક્ત રીતે અભિવ્યક્ત કરતો જણાય છે.